બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક કર્મચારી આચાર્ય તરીકે નિમણૂંક પામે ત્યારે એક ઈજાફાનો લાભ આપવા બાબતે સ્પષ્ટતા બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2022/4945/G,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૯/૨૦૨૩.

**વંચાણે લીધા:-**

(૧) નાણા વિભાગનો તા.૦૫/૦૧/૧૯૬૫નો ઠરાવ ક્રમાંક: પીએવાય/૧૨૬૪/૪૬૭/ચ.
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૯/૦૬/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૨૦૦૧/૧૧૦૨/ગ.
(૩) શિક્ષણ વિભાગનો તા.તા.૦૩/૧૨/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૦૪/૧૧૦૩૦/ગ.
(૪) નિયામકશ્રી શાળાઓની કચેરીનો તા.૧૫/૧૦/૨૦૨૨નો પત્ર ક્રમાંક: ઘ/પેન-૩/આચાર્ય-પગાર/૨૦૨૨/૨૦૦૨૪.

**આમુખ:-**

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૧૯/૦૬/૨૦૦૪ના ઠરાવથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક કર્મચારીઓ આચાર્ય તરીકે નિમણૂંક પામે ત્યારે વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૦૫/૦૧/૧૯૬૫ના નાણા વિભાગના ઠરાવ મુજબ એક ઈજાફાનો લાભ આપવા બાબતે જરૂરી સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના તા.૦૩/૧૨/૨૦૦૯ના ઠરાવથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતાં મદદનીશ શિક્ષકો ઉચ્ચતર પગાર ધોરણ મેળવી સીધી ભરતીથી આચાર્ય તરીકે નિમણૂંક પામેલ છે તેવા કિસ્સાઓમાં અને ત્યાર બાદ આચાર્ય તરીકે મદદનીશ શિક્ષકમાં ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા પછી સીધી ભરતીથી નિમણૂંક મેળવે તેઓને ખાસ કિસ્સામાં પગાર અને પગારધોરણના રક્ષણનો લાભ આપવામાં આવેલ છે. નિયામકશ્રી શાળાઓની કચેરીના વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના તા.૧૫/૧૦/૨૦૨૨ના પત્રથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂંક પામતાં આચાર્યની પગાર બાંધણી સંદર્ભે અર્થઘટના પ્રશ્નો સર્જાયેલ હોઈ, આ બાબતે જરૂરી સ્પષ્ટતાઓ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Sep-2023 (06:24 PM)

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક કર્મચારીઓ આચાર્ય તરીકે નિમણૂંક પામે ત્યારે વિભાગના તા.૧૯/૦૬/૨૦૦૪ અને તા.૦૩/૧૨/૨૦૦૯ના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ, નાણા વિભાગના તા.૦૫/૦૧/૧૯૯૫ના ઠરાવ મુજબ એક ઈજાફાનો લાભ આપવા નીચે મુજબની સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવે છે.

| ક્રમ | જે-તે મદદનીશ શિક્ષકના કિસ્સામાં મંજૂર કરવામાં આવેલ ઉચ્ચતર પગાર ધોરણની વિગત | મળવાપાત્રની લાભની વિગત |
|---|---|---|
| ૧ | કોઈ પણ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ ન હોઇ તેવા કિસ્સામાં | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૬/૨૦૦૪ના ઠરાવ અન્વયે નાણા વિભાગના તા.૦૫/૦૧/૧૯૯૫ના ઠરાવ મુજબ એક નોશનલ ઈજાફાનો લાભ આપી પગારબાંધણી કરવાની રહે છે. |
| ૨ | પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૧૬૪૦-૨૯૦૦(છઠ્ઠા પગાર પંચ મુજબ રૂ. ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૪૦૦) મંજૂર કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૬/૨૦૦૪ના ઠરાવ અન્વયે નાણા વિભાગના તા.૦૫/૦૧/૧૯૯૫ના ઠરાવ મુજબ એક નોશનલ ઈજાફાનો લાભ આપી પગારબાંધણી કરવાની રહે છે. |
| ૩ | પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૬૫૦૦-૧૦૫૦૦(છઠ્ઠા પગાર પંચ મુજબ રૂ. ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૬૦૦) મંજૂર કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૬/૨૦૦૪ના ઠરાવ અન્વયે નાણા વિભાગના તા.૦૫/૦૧/૧૯૯૫ના ઠરાવ મુજબ એક નોશનલ ઈજાફાનો લાભ મળવાપાત્ર નથી પરંતુ જે-તે પગાર મેળવતા હોય તે જ પગાર અને પગારધોરણનું રક્ષણ મળવાપાત્ર થશે. |
| ૩ | દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૬૫૦૦-૧૦૫૦૦(છઠ્ઠા પગાર પંચ મુજબ રૂ. ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૬૦૦) મંજૂર કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૬/૨૦૦૪ના ઠરાવ અન્વયે નાણા વિભાગના તા.૦૫/૦૧/૧૯૯૫ના ઠરાવ મુજબ એક નોશનલ ઈજાફાનો લાભ મળવાપાત્ર નથી પરંતુ જે-તે પગાર મેળવતા હોય તે જ પગાર અને પગારધોરણનું રક્ષણ મળવાપાત્ર થશે. |
| ૪ | દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ ઉચ્ચતર માધ્યમિક શિક્ષક માટે રૂ.૮૦૦૦-૧૩૫૦૦(છઠ્ઠા પગાર પંચ મુજબ રૂ. ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૫૪૦૦) મંજૂર કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં | શિક્ષણ વિભાગના તા.૦૩/૧૨/૨૦૦૯ના ઠરાવ અન્વયે ખાસ કિસ્સામાં પગાર અને પગારધોરણના રક્ષણનો લાભ મળવાપાત્ર થશે પરંતુ નાણા વિભાગના તા.૦૫/૦૧/૧૯૯૫ના ઠરાવ મુજબ એક નોશનલ ઈજાફાનો લાભ મળવાપાત્ર નથી. |

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Sep-2023 (06:24 PM)

| | | |
|---|---|---|
| ૪ | તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૮૦૦૦-૧૩૫૦૦ (છઠ્ઠા પગાર પંચ મુજબ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૫૪૦૦)મંજૂર કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં | શિક્ષણ વિભાગના તા.૦૩/૧૨/૨૦૦૯ના ઠરાવ અન્વયે ખાસ કિસ્સામાં પગાર અને પગારધોરણના રક્ષણનો લાભ મળવાપાત્ર થશે પરંતુ નાણા વિભાગના તા.૦૫/૦૧/૧૯૬૫ના ઠરાવ મુજબ એક નોશનલ ઈજાફાનો લાભ મળવાપાત્ર નથી. |

આ ઠરાવ સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૪/૦૯/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Sep-2023 (06:24 PM)

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત)
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ,
- શાખા સિલેક્ટ ફાઈલ.